## The need of the Hour for Parsi Community – Deen Chasidari and Boonak Pasbani

**By Late Jehangirji Sohrabji Chiniwala**
**(originally written in Gujarati)**

Asha means Divine Order which is the irrefutable Law existing in nature. Earth is not the permanent residence of mankind. He only takes birth on this earth for his spiritual evolution and thereby to achieve salvation in the end. The span of his life on this earth is dependant on number of breath force in his destiny and he finally leaves this earth after his physical death. All religion of this world teach that man has descended on this earth only for his spiritual evolution (Ruvan Bokhtagi) which is his final goal. When Materialism is rampant and at its peak, mankind tends to forget this final goal of Ruvan Bokhtagi or purpose of his existence on this earth. Presently we are living in this gross era of materialism. All five religions of this world are based on this divine law of Asha and their respective prophets manifest themselves at ordained time and thence spread the religion amongst its followers. References of Mazdiyasni Deen and Zarathusti Deen can be found in extant literature of our Mazdayasni Zarathosti Deen. The school of thought as per philology or Grammatical literal translation of our scriptures has been unable to answer or show the basic difference between Mazdiyasni Deen and Zarathusti Deen. Each word of Avesta Mathra contains nine different meanings, and additionally technical terms can also be found in our extant scriptures of Avesta mathra. Stoat Yasna is the perfect science which when applied to philological translations of our scriptures, give us the hidden meanings behind each and every word of Avesta. "Involution" or the making of this Universe is called as Mazdayasni Deen, and "Evolution" or finally merging back to its original root is called as Zarathusti Deen. All five religions of this world aim for evolution for group of souls who are its followers and as laid down by its respective prophets.

The forebears of the present generation of Parsee Zarathustis when they settled in Sanjan with a specific purpose of preserving their Deen, had as their spiritual leader of the category of an Ashwan. The spiritual status of an Abed as an Ashwan is of very high order. As per Ilme Khshnoom it is only an Ashwan of such high spiritual status who can be custodians of the lofty science of Stoat Yasna. It is only when Stoat Yasna is applied to the Philological and grammatical translations of our scriptures, can one decipher the hidden meaning of Avesta. It was with such knowledge of Stoat Yasna only, that they were able to comprehend the intricacies and farman of our Zarathosti Deen. We do not even possess the past history of our forefathers and their passage to Sanjan via waterway. Ilme Khshnoom has shed light on this past history which is lost to us. Our forefathers who migrated to west coast of India from Iran belonged to Buniyaad or lineage of Airichithra who were the cream of the cream of Aryan race in Iran. The karma of such a group who migrated to Sanjan under leadership of a Nar Ashwan was good, and they were able to establish Paav Mahal as was pristinely practiced by Airichithra Mazdiyasnan Zarathostis of Iran. They had in their midst Magav and Magavni (female Magi) along with the group and others who lead very ordinary but very high spiritual life of piety. We the present day parsees have descended from such lineage of sons of soil of Iran, but unfortunately do not practice such high life of piety as our forefathers used to practice before.

Todays Parsee Zarathosti Anjuman, as explained by Ustad Saheb Behramshah Shroff are undergoing collective karma or Keshash. The first and foremost Karma of our

present day Parsee Zarathosti Anjuman is with this soil of Hindustan, and we will be affected with the ups and down of day to day affairs of Indian Politics and its affairs. This kind of karma applied even to our forefathers who had initially migrated from Iran. The second Karma of our present day Parsee Zarathosti Anjuman is with the culture based on this gross and materialistic science of the 19th and the 20th century. The Karma of our forefathers who lived in India during the reign of Rajput Rana and that of Moghul empire was good in comparison with today's Parsees. The British Empire came afterwards and we Parsees started enrolling ourselves in Universities and studied their history and literature and slowly got influenced by their way of culture. This western culture that we studied was highly influenced by Europe 's French Revolution which was a period of unrest and upheavals. It was an Era of skepticism, and with such faulty leanings our Parsee community started adopting their culture in their day to day life. The net result was that the religious faith and fervour we had towards our religion started going downhill.

Such ill effects of western culture, when it swept towards our Parsee Zarathosti community during 19th and 20th century, made the study of our religion even more difficult in the absence of much needed required links for deciphering the inner meaning or Taavil of our scriptures. No mystical inner translations were available when the western scholars had got attracted towards the Avesta scriptures. The Stoat Yasna applied along with Philological and grammatical translations, which completed the knowledge as possessed by ancient Zarathosti Iran, which could decipher the scriptures correctly, was missing and absent. Today what the Western Scholars call as Philology is incomplete, faulty and a defective way of deciphering our scriptures, which was a complete science as understood in Stoat Yasna Chapters. Even Grammatical deciphering of Avesta is explained in Stoat Yasna, but the concerned priceless scriptures of Stoat Yasna are unavailable and lost to us. With the help of new and incomplete philology and grammar, new translations of our scriptures were made ready by the Western scholars, and Tarikaats of Ashoi and Dini Farman or Kriyas done for the deceased (Anushe ruvan) and living (Jindeh Ruvan) which was practiced by us with due faith in the past, was now looked down upon with skepticism. The Karma or Keshah of 19th and 20th Century Parsees towards Mazdayasni Zarathosti Deen was bad which only warded them off tangentially away from the Tarikaats of Ashoi which are so indispensable in our Mazdiyasni Zarathosti deen ( just like Oxygen is indispensable for breathing).

At one end the farman for Tarikaats which propagates Ashoi, and Kriya or rituals which grants us immortality are looked down upon due to new order of studies of Philology trying to decipher our scriptures and at the other end it became extremely difficult for Baste-kustian Behdins and even the practicing clergy to tread the path of Tarikaat Marg and moreover it became practically impossible for maintaining the Bareshnum owing to the surrounding circumstances which they came across. The seeds of destruction that were planted in the 19th Century by the spiritual downfall of Parsees was actually the direct cause, out of which huge trees of Deen dushman and Asmogh manifested themselves in 20th Century.

No Census records have been found for Parsee during the reign of the Rajput and Moghul empires. During the British rule the Census records were done many a times and it was found out that the population of Parsees in India never exceeded more than one lakh. Before the British rule the Parsee were residing in villages of west coast of Gujarat as farmers but slowly started migrating to Bombay as British rule flourished and

spread all over India. Today out of total one lakh population about 70 % of the parsee population is staying in Mumbai and its surrounding area.

Right from the beginning of the 20th Century many questions have been repeated oft and on. **The most common topic of discussion that has plagued the thinking hats of our community is the ever decreasing population of the Parsee community.** How to increase the population of Parsees is a very delicate issue and such a question can never be answered merely by applying our earthly sense and logic. At one end there are majority of us who accentuate the fact that our Prophet never preached conversion, whereas there are others who are in favour of inter marriage and come out with an argument that our Prophet did indeed preach conversion. The pessimist scaremongers using the dwindling population as an excuse are projecting a false image far from the truth and in the bargain cunningly propagate their faulty pro-conversion theory. When a skeptic philologist Dastur and some misinformed scholars made a scathing attack upon time tested truths waylaiding the faithful away from their faith, even after futile spending of thousands of Rupees in the court of law, were unable to come out with a reckoning from the court in favour of conversion. The jehad in favour of Juddin Navjote was purportedly favoured by some ignorant few who were ignorant of the true meaning of Bunyaad and Bunak Pasbani and even refused to acknowledge it. Only minority of our community were so easily waylaid by these false propaganda who ridiculously suggested illogical means of increasing our fold by conversion.

Behramshahji was referred to about this Juddin Fiasco and the reason behind the perennial small population throughout our stay in India. The first and foremost thing which Ustad Saheb Behramshah Shroff said was that the group or tola that migrated to India from Iran under the able leadership of Nar Ashwan Nairosang Dhawal who established independent Paav Mahal of Iranshah (highest grade Atash Behram in India), under its talismanic protection the Parsee population can never get erased completely and will always survive. Keeping this important fact in mind, in spite of that, looking at the present materialistic era we all are living in, in absence of true faith and Boonak Pasbani missing, the community will shrink further to a smaller number than before and **only eleven thousand true followers and practitioners of our Zarathusti Deen will be present before the advent of our new Rainidar Shah Behram Varjawand, but the sum total of us as a community will remain around 81,000 only.** No predictions made by Ustad Saheb Behramshah Shroff have ever turned out to be false, and will never ever be so.

Even after the fall of Sassanian Iranian Zarathusti empire there were crores of Zarathusti Iranis on the surface of this earth. Out of this population of crores of Irani Zarathusti, the hidden Iran (Batein Iran) was very much present on the political soil of Iran (Zaher Iran), there were still lakhs of Irani Zarathustis who were besides having true faith towards Zarathusti religion were also valiant fighters and soldiers. Due to certain circumstances such population of valiant Zarathustis staying openly on soil of known Iran (zaher Iran) started reducing, and finally only 25,000 Zarathustis could be found in known Iran but this time true faith and valor were missing in them.

One argument that has been often discussed and pointed out is that even if the initial group or tola that migrated from Iran was however small in number, then as per accepted laws of procreation the population of Parsi Irani Zarathustis should have been by now more than a few lakhs in number. But looking at our past records we can see that Parsi Irani Zarathusti population at any given passage of time has never exceeded more than a lakh in number. The reason behind this can be found in Paavmahal of

Zarathusti Deen and its Talismanic powers. Urban life of Mumbai city is not at all suitable for practicing our Zarathusti Deen and its lofty tarikaats, and Parsi Zarathusti community cannot exist independently. This fact we Parsis have completely overlooked and we are seeing the negative results of urban migration now, that have been building up ever since last 11 centuries of our stay in India.

A very sad and demoralizing fact to be noted is that nobody wants to find a lasting solution for the civil, monetary and religious prosperity of the Indian Parsi Community. **If we want to progress in all directions then "Boonak Pasbani" (marrying within our community whereby the inherent characteristics are protected, preserved and enhanced for the descendants of that race) and "Deenchasidari" (practicing the tenets of our Deen with true faith) are the most essential ingredients for our prosperity and survival.**

In practicing Boonak Pasbani lays our true Khandani, and all the Regal qualities for which our forefathers were respected for, who shone like jewels amongst millions. Today those with a strong financial background which has been obtained by his/her own karma are called as Khandani, but the word Khandani is used as a misnomer today. Whatever wealth he has obtained through his own merit, he is unfortunately accepting intermarriage in the name of reform which ultimately derogates his true Khandani in nature.

How does a true Khandani manifest itself? When parents who have full faith towards their own religion, practice tarikaats and lead a moral dignified life, and produce offsprings (Farzand) who carry in their genes identical (or even better) characteristic traits like that of their parents, it is known as a true khandani. With generations after generations this chain of Khandani is augmented which is always meritorious, then we can say that a Kuniyat has been built of this Khandani. Spiritual greatness or Khandani is measured in such a way. (Kuniyaat means good fields or powerhouse of energy that has been built in nature by good deeds performed). One can say that majority of our Parsi community is not "DeenChasidar" (implicit faith towards all tenets of his deen), because had it been such a case than he would have been observing all Tarikaats of Ashoi. Leading moral life with character will always go side by side along with observing Tarikaats which ultimately builds Ashoi. Meher Patet is the first basic step that will take one towards Ashoi and along with that doing Kusti Padyab will make one "DeenChasidar" and practicing Zarathosti deen and all its Farmans will make them prosper like anything in all directions. Parsi Community low population, Intermarriage, and Juddin Navjote, leading a bachelor's life, penury are all effects of the past cause, but by being righteous and practicing Tarikaats we get solace and invisible help does indeed rescue us from the majority of the misery, if not completely. One can experience the sweetness of sugar only if we have taken trouble of tasting it, similarly it is only by leading righteous, truthful, moral life and by practicing Druj Parhej Tarikaats do we realize grandeur and practicality of our Deen, for our religion is a way of life to be practiced. (Chasi means Chasni to taste our deen and hence the word Deen Chasidari).

Parsi Community will survive with the help of Talismanic Paavmahal even in the most trying hard times such as now, **but the need of the hour is to make an effort to practice DeenChasidari and to spread the message to all.** Those who are busy with their families and making their ends meet by doing service are not able to follow all tarikaats but could make all possible effort to the best of their ability towards observing Deen Chasidari life, but those who are monetarily sound have a responsibility in nature to observe DeenChasidari life.

Parsees staying in India who are one lakh in number are not the only followers of Paak Mazdiyasni Zarathusti Deen, but there are crores of Airi Chithra Bastekustian Mazdiyasni Zarathustis on the surface of this earth and moreover there are lakhs of Zarathusti Abeds who dwell in talismanic places invisible to human eyes and its touch far away in high mountains. Secretly these crores of Airi Chithra Bastekustian Mazdiyasni Zarathusti Iranis for many centuries since past have been practicing Boonak Pasbani very descretly under guidance of their leaders and patiently await for good times to come. Present day Iranologists have not even the faintest idea about the past ancient Iranians and how after their past destruction they will be revived in the coming future. How can they have even the roughest idea about the nature's deep secrets and its methods? It is only through Ilm-e-Khshnoom that one can have a glimpse as to how in the near future, will New Iran and its Zarathosti Population be revived. Parsee Zarathostis residing in India even after 11 centuries have managed to preserve their Buniyaad (seed) and their Etekad (faith) which itself is a miracle. It is with the help of Ilm-e-Khshnoom that we can strengthen Deendari into DeenChasidari. (Note:- DeenDaar= having faith in our prophets teachings but not practicing it, DeenChasidari= to put the teachings of our prophet into actual practice which is equivalent to tasting the fruits of our deen). **Parsee Community of India has not been able to appreciate Ilm-e-Khshnoom brought by Ustad Saheb Behramshah Nowroji Shroff which is under the watchful eyes and able guidance of Demavand Koh Abed Sahebs and its leader Shrosavarez Marzban Saheb.** We don't have to worry about the declining population of our community in India, which will be preserved as per its destiny, **what we need to worry about is how to strengthen our Deenchasidari and to maintain Boonak Pasbani (racial purity of our blood, seed).** Today majority of our Parsee community do have faith in them but they do not have DeenChasidari in fair measures. Ilm-e- Khshnoom has made its presence felt amongst Parsi community since 1905 and has been able to shed light on many a complex matters not fully understood by us, and behind the scene work has been done silently by the blessings of Zarathosti Abed Sahebs. **Those of us who sincerely wish to preserve orthodoxy in our community should concentrate on cultivating Deendari further into Deenchasidari as shown by Ilm-e-Khshnoom and not worry about our declining population.**

Although I do not feel like mentioning this, it is with a very sad heart that I am writing this with compulsion that since 1940 and later on, had it not been for Ilm-e-Khshnoom and its denunciation and tirade against religious slur and ignorance demonstrated by some deendushmans, the end result would have been unimaginably catastrophic. In future too Ilm-e-Khshnoom will give its share of guidance in very mysterious ways. A very essential requirement which is lacking here is the correct guidance of addressing the root cause of all our maladies and downfall. **"Erejoish Patho" as mentioned in Vahishtoisht Gatha is the tarikaat path which when followed righteously will always culminate into Ashoi.** Asha means divine order in nature classified into five groups of souls who in turn are attached to five great religions of the world (namely Zoroastrianism, Hinduism, Islam, Judaism, and Christianity which are not man made at all, but are in fact God given gifts for our spiritual upliftment). This divine order of Asha has been brought into existence or set into motion during Cosmogenesis by the blue print plan of "Ahunavairya" which is the will of Dadar AhuraMazda himself. This important fact that has been explained in our scriptures has to be properly understood and grasped by our highly educated members of our community. The power of Ashoi that can be developed by treading on the shown path of "Tarikaat marg" is the basic foundation and farman of our Zarathosti Deen. These powers of Ashoi if properly developed can stun todays scientific world, for within our physical body lies many

dormant powers that can be activated by Ashoi. The divine order of Asha is the cause for "Jzhirum" or different religions of the world (5 group of souls and its followers) which spiritually evolve differently. This eternal truth will some day dawn unto all of us. **If the Parsees begin to follow all Tarikaats than seeds of morality will get evolved and will subdue the seeds of immorality which compel us to sin. Along with such changes occurring within us, we with the shield of Sudreh Kusti and its "amal" can become true fighters and Rathestars in service of Ahura Mazda and give more power to SpenaMino in its eternal fight against Ghenamino and Ahriman. Such Parsees, never ceases to shine one amongst Millions.**

Today's times that we are living in is a period where one can get misled to untruth, but "Taroiditeh Angreh Mainyu" which we pray in our Kusti means that by following our Deen we are able to see through the evil game plan of Angreh Mainyu and become helpers of Spenamino.

**It is not the declining population but the ignorance towards the correct practice of our Deen or faith put into action (Deenchasidari) that is so very essential for our survival.**

------------ --------- --------- --------- --------- -----

**Free translation from Gujarati by Firdosh K. Sukhia**

**<u>Source:-</u>**

**Dini Avaz January - February 1979 Volume 4 - No.1**

**Reprinted from Parsee Avaz dated 13th February, 1972**

"Aevo pantaao yo Ashahay, veespay anyaeshaanm apantaanm"

There is only one path, that of Righteousness (Ashoi); all others are non-paths.

# પારસી કોમને શાની જરૂર છે—વસ્તી વધારો કે દીનચાશીદારી અને બુનકપાસ્બાની?

## (હિંદની પારસી કોમના કુખ્યાતી કર્મ (કેશાશ) ઉપર ઇલ્મે ક્નૂમની રોશની

લેખક :— બહેશ્ત બહેરેહ જેહાંગીર સોહરાબજી ચોનીવાલા

(પારસી આવાઝ: તા. ૧૩-૨-૧૯૭૨ ના અંકમાં પ્રગટેલા લેખમાંથી)

(અધિપતિ સ્થાનેથી નોંધ: બીનપારસી નેક બાનુઓને પત્ની યા વહુ તરીકે સ્વિકારવાની આ સદીમાં શરૂ થયેલી ફેશને, હિંદુસ્તાનની પારસી અનજુમનને એવા એવા ફત્વાઓ આપ્યા છે કે જે, કોમમાંથી દીનદારી તો અલોપ કરે, પણ સાથે સાથે કોમની હસ્તીના પણ પાયા ખણી નાખે. એવો એક ફત્વો તે વસ્તી ઘટાડાની બૂમ પાડવાનો છે. સંખ્યા ઘટે તો બીજાઓને લઈ લો અને બીજાઓ સાથે ધમધોકાર લગ્ન કરી નાખો, એમ કહેવું, એ મરઘીના પેટમાં રહેલાં બધાં ઈંડા એકસામટાં મળી જશે એમ ધારીને તેને કાપી નાખવા બરાબર છે! માત્ર વસ્તીનાં આંકડાઓમાં અટવાયાં કરીને, સમૂહિક કોમી આપઘાતના રસ્તાની હેમાયત કરનારાઓ આપણી વચ્ચે છે. પણ પારસી કોમની હસ્તીનો સવાલ તો દીનચાશીદારી અને બુનકપાસ્બાની સાથે સીધો સંકળાયેલો છે, એ સત્ય જે ઈલ્મે ક્નૂમની મકતબે સમજાવ્યું છે, તે બહુ સરળ અને સુંદર રીતે, બહેશ્ત બહેરેહ જેહાંગીર ચીનીવાલાએ નીચલા લેખમાં રજુ કર્યું છે.)

કુદરતમાં "રાષ" એટલે મિનોઈ વ્યવસ્થાનો અમુક ચોક્કસ કાયદો છે. માનવી માત્રની કાયમની રહેવાની જગા આ ગેતીની દુન્યા નથી. માનવી માત્ર આ ગેતી ઉપર પોતાના રૂવાન (આત્મા)નો મોક્ષ કમાવા જન્મ લે છે, અને અમુક સંખ્યામાં શ્વાસોચ્છવાસ ખેંચી છેવટે મૃત્યુને આધીન થાય છે. રૂવાન—બોખ્તગી એટલે રૂવાનનો છુટકારો એ માનવ જન્મની નેમ છે એમ દુન્યાના બધા જ ધર્મો શીખવે છે. દુન્યામાં જ્યારે જડવાદ **materialism** ખુબ જોર પકડે છે, ત્યારે માનવીના જીવનનો આ ખુબ અગત્યનો મુદદોજ—રૂવાન બોખ્તગી—તે ભુલાઈ જાય છે. હાલનો ચાલુ જમાનો આવો હડોહડ જડવાદનો યુગ છે, કે જેમાં માનવી રૂવાન બોખ્તગીની આ જીંદગીની મૂળ નેમજ ભૂલી જાય છે. અને તેની ઝાઝી કનવાર કરતો નથી. કુદરતમાં જે "અષ"નો મિનોઈ કાયદો રાજય કરે છે, તેને પીછાણનારા મહાન નરો જુદા જુદા ધર્મોના પેશવા તરીકે માનવજાતની રૂહાની રાહનુમાઈ કરવા વખતો વખત તેને બરવખતે આ ધરતી ઉપર અવતાર ધારણ કરે છે.

કુલ માનવજાતી માટેના પાંચ મૂળ ધર્મોની કુદરતમાં એક મિનોઈ યોજના છે. માઝદીયસ્ની જરથોસ્તી ધર્મના હયાત અવસ્તા માંથ્રના શાસ્ત્રમાં, માઝદીયસ્ની દીન અને જરથોસ્તી દીનની બેઉની કાંઈક વાતો નજરે પડે છે. ફાઈલોલોજી મુજબના જરથોસ્તી ધર્મશાસ્ત્રના અભ્યાસની નીશાળે "માઝદીયસ્ની દીન" અને "માઝદીયસ્ની જરથોસ્તી દીન"ની વચ્ચેનો પાયારૂપી ફરક નહી ઉકલી શકવે અને નહી જાણી શકવે, હાલના જરથોસ્તી ધર્મ અભ્યાસમાં કોઈક ગુંચવાડો પેદા પડી ચૂકો છે. અવસ્તામાંથ્રના સાહીત્યમાં વપરાયલા એક એક શબ્દમાં નવ જુદા જુદા પ્રકારના ભાવાર્થો સમાયલા હોય છે અને તે ઉપરાંત અવસ્તા માંથ્રના સાહીત્યમાં અમુક શબ્દો "લોગતો" (**technical terms**) તરીકે ખાસ અર્થે વપરાયેલા છે. ભાષાશાસ્ત્ર અને વ્યાકરણ ઉપરાંત "સ્તોત યસ્ન" નામની વિદયાની મારફતેજ અવસ્તા માંથ્રની આવી ગૃહ્ય પ્રકારની રચના સમજી શકાય છે. માઝદીયસ્ની દીન એટલે સૃષ્ટિને ઉભી કરનારા કાયદાઓનો સંગ્રહ કે જેને અંગ્રેજીમાં **involution**

કહે છે અને જરથોસ્તી દીનનો ભાવાર્થ આવી સૃષ્ટિને જે મુળમાંથી નીકળી છે તે મુળમાં પાછી મોકલાવી દઈને તેનો મોક્ષ ઉભો કરનારા કાયદાઓનો સંગ્રહ છે કે જેને અંગ્રેજીમાં **Evolution** કહે છે. બધા ધર્મોની નેમ આવું **Evolution** ઉભું કરવાની છે. અને બધા ધર્મોના પાયામાં માઝદીયસ્ની દએન તો ઉભેલી જ હોય છે અને તે ધર્મો પોતાની યોજના મુજબ પોતાના મઝહબને લગતા માનવોને મોક્ષ પુગાડે છે.

હિન્દના પારસીઓના પૂર્વજો, જયારે સંજાનમાં પોતાનું ખાસ સંસ્થાન સ્થાપીને યોજનાપૂર્વક ત્યાં ઠરીઠામ થયા, ત્યારે તે અનજુમનના આગેવાનો અને રાહબરો તરીકે "અષવનો" એટલે અપોઈનું ઉંચુ રૂહાની કુવ્વત ધરાવનારા "આબેદ"ને દરજજેના ધર્મગુરૂઓ હતા. ઈલ્મેક્ષ્નુમની મકતબની કોઈક ખબરો મુજબ આવા મહાન ધર્મગુરૂઓ પાસે "સ્તોતયસ્ન"નો ગુહ્ય ઈલ્મ હતો. આવા સ્તોતયસ્નના ઈલ્મની અંદર જ અવસ્તાના ભાષાશાસ્ત્રની અને વ્યાકરણની ઉંડી સમજણોની ચાવી સમાયલી હતી. સ્તોતયસ્ની બરકતથી તેઓ જરથોસ્તી દીનનું ગુહ્ય બંધારણ અને દીનના તમામ નાના મોટા ફરમાનો બરોબર સમજી શકતા હતા. પારસી જરથોસ્તીઓના પૂર્વજોની જે અનજુમન પાણીને રસ્તે, દરિયાઓ ઓળંગીને, સંજાનમાં ઠરીઠામ થઈ હતી તેની ખરી તુલોતવીલ તવારીખ પણ આપણી પાસે હાલમાં બચી નથી. ઈલ્મેક્ષ્નુમ્ની મકતબે આ તવારીખની ઉપર થોડો આછો પણ અગત્યનો અને સર્વેની આંખ્યો ખોલનારો પ્રકાશ નાખ્યો છે. અઈરિચિથ્રના આલા મરતબાની આર્યન બુન્યાદના, તે અશો નરનારીઓનો કેસાસ (કર્મબંધન) શુભ હતો, તેથી હિંદમાં "પાવમહેલ"ની સંસ્થા સ્થાપી, અઈરિચિથ્રની ઈરાની માઝદીયસ્ની જરથોસ્તી પ્રજાના ઝાડની ડાંખલી જેવી અનજુમનને, દીનની તદન ખરી રીતે સ્થાપિત કરવાનું મહાન કાર્ય તેઓને સોંપાયેલું હતું. આ મહાન અનજુમનમાં, "મગવો" અને "મગવની" એટલે નર—સંતો અને નારી—સંત હતાં, તેઓની સાથે સાથે અને તેઓની આગેવાની હેઠળ, સંસારી જીવન ગુજારનાર પણ ખુબ પરહેઝગાર નરનારીઓની અનજુમન પણ હતી. હાલના હીન્દના પારસી જરથોસ્તીઓ, આવા ઉંચ બુન્યાદના સંસારી જીવન ગુજારનાર પરહેઝગાર ઈરાની નરનારોમાંથી ઉતરી આવેલી છે. હાલની પારસી કોમમાં તે પરહેઝગારી બચી નથી.

હાલની પારસી જરથોસ્તી અનજુમન, ઉસતાદ સાહેબ બહેરામશાહજીના સમજાવ્યા મુજબ, કોઈક પ્રકારનું કુલ્યાતી કર્મબંધન અથવા કુલ્યાતી કૈસાસ ભોગવી રહેલી છે. આ અનજુમનનો પહેલો કેસાસ ભારતની ધર્મપરાયણ અને આશરો આપનારી ભૂમી સાથનો છે, અને આ ભૂમિની ચહડતીપડતી સાથે જ સંકળાયેલો છે. આવું કર્મબંધન તો હિંદમાં ઠરીઠામ થયલા બધા જ પારસીઓના પૂર્વજોનું હતું.

બીજું કર્મબંધન (કેસાસ) હાલની પારસી જરથોસ્તી અનજુમનનું પશ્ચિમની સાયન્સની ઉપર રચાયલી નવી જડવાદી ઓગણીસમી અને વીસમી સદીઓની સંસ્કૃતી સાથનું છે. પારસીઓના જે પૂર્વજો સંજાનના રજપૂત રાણાઓના રાજયમાં જીવી ગયા અને તેની પાછળના જે પારસીઓ મોગલ શહેનશાહતમાં જીવી ગયા, તેઓનો ધાર્મિક કેસાસ હાલના પારસીઓના કેસાસ કરતાં વધુ શુભ હતો. બ્રીટીશ રાજય હિન્દમાં આવ્યું અને બ્રીટીશોની નવી કેળવણીની પધ્ધતિ મુજબ, પારસીઓ યુનિવરસીટીની નવી તાલીમ લેવા લાગ્યા. અંગ્રેજોના ઈતિહાસની, તેઓના સાહીત્યની અને તેઓની નવી સ્થૂળતાવાલી સંસ્કૃતિની કોઈક અસરો પારસીઓ ઉપર પડવા લાગી હતી. આ નવી સંસ્કૃતી ઉપર યુરોપના ફ્રેન્ચ રેવોલ્યુશનની અશુભ અસરો પડી ચૂકી હતી. બધી જ બાબદોમાં શંકાશીલપણા (**scepticism**)નો જમાનો શરૂ થઈ ચૂકયો હતો. આવી સંસ્કૃતીના સંસ્કારથી શીખેલી ભણેલી પારસી કોમ વખતના વહેવા સાથે વધુને વધુ રંગાવા લાગી અને હિન્દના પારસીઓમાં જે ધાર્મીક એતેકાદ સદીઓ સુધી ઉતરી આવેલો હતો, તે દીની એતેકાદ ડામાડોળ બનતો થયો.

આવો અશુભ કેસાસ પારસી જરથોસ્તીઓની અનજુમન ઉપર ઈસ્વી સનની ઓગણીસમી અને વીસમી સદીમાં જયારે ઉતરવા લાગ્યો ત્યારે હિન્દમાંના જરથોસ્તી દીનના ધર્મશાસ્ત્રના અભ્યાસની હાલત ખુબ જ મુશ્કેલ બની ચુકી હતી, કારણ દીનની બાતેન ફીલસુફી જરાયે બચેલી હતી નહી. પશ્ચિમના કોઈક વિદવાનો જયારે અવસ્તા માંથ્રના હયાત ધર્મશાસ્ત્રના અભ્યાસ તરફ ખેંચાયા ત્યારે દીનની બાતેન ફીલસુફીનું સાહીત્ય હતું નહી, સ્તોતયસ્નનો ઈલ્મ અલોપ થઈ ગયેલો હતો અને સ્તોત—યસ્નની સાથે જોડાયેલો ભાષાશાસ્ત્ર અને વ્યાકરણનો અસલ ઈરાની જરથોસ્તી ઈલ્મ પણ અલોપ થઈ ગયલો હતો. જેને હાલમાં ફાઈલોલોજી અથવા ઝબાન શનાસીનો ઈલ્મ કહે છે અને પશ્ચીમના વિદવાનો તેવા જે ઈલ્મને ખંડીત સ્વરૂપે ઉભો કરી શકયા છે, તેને વધુ સીલસીલાવર અને અખંડ સ્વરૂપે સ્તોત—યસ્નના અનેક પ્રકરણોમાં જણાવેલો હતો, તેમજ અવસ્તા માંથ્રના અમુક સ્વરૂપને લાગુ પડતું વ્યાકરણ પણ સ્તોત—યસ્નમાં સમાયલું હતું, પણ તેને લગતુ કીમતી સાહીત્યજ બચવા પામ્યું હતું નહી. ફાઈલોલોજીની નવી વિદયાથી અને તે વીદયા મુજબ ઉભાં કીધેલા વ્યાકરણની મદદથી, અવસ્તા માંથ્રના કાંઈક નવા તરજુમાઓ કરવામાં આવ્યા. પણ અષોઈની તરીકતોના અને જીવતાંઓ તેમ જ ગુજરેલાંઓ માટેની કીયાઓના જે દીની ફરમાનો જે સીર્ફ એતેકાદ મારફતે જળવાઈ રહેલાં હતા અને કોમમાં શક સુબાહ વીના સર્વે કાઈ તેને પાળતા હતા, તેનો ઉપર મોટી આફત આવીને ઉભી રહી. ઈસ્વીસનની ઓગણીસમી અને વીસમી સદીમાં જન્મનાર પારસીઓનો માઝદીયસ્ની જરથોસ્તી દીનને લગતો કોઈક બદ કેસાસજ એવો હતો કે

તેઓને માઝદીયસ્નની જરથોસ્તી દીનના અગત્યના અષો-ઈની તરીકતોના ફરમાનોના પાલનથી ધર્મ અભ્યાસની કોઈક ભુલભુલામણીમાં પાડીને દુર લઈ જાય.

એક બાજુ ઉપર અષોઈ ઉભી કરી શકનારા તરીકતોના ફરમાનો ઉપર અને અમર્ગી બક્ષનારા ક્રીયામાર્ગના ફરમાનો ઉપર ફાઈલોલોજીની ધર્મઅભ્યાસની નવી નીશાળે જફાઓ પાડવા માંડી અને બીજી બાજુ ઉપર બદલાયલા સંજોગોમાં બસ્તેકુસ્તીઆન પારસી બેહેદીનો તેમ જ જરથોસ્તી ધર્મગુરૂઓ માટે તરીકતમાર્ગના અને બરસનુમની જાળવણીના ફરમાનોનું પાલન ખુબ કઠીન અને કષ્ટમય બનીને ઉભું રહ્યું. ઈસ્વીસનની ઓગણીસમી સદીમાં પારસીઓની ધાર્મીક અને સામાજીક પડતીના જે બીજ રોપાઈ ચૂક્યા હતા, તેમાંથી વીસમી સદીમાં કોઈક દીન દુશ્મનીના અને આશમોગીના મોટા ઝાડો ઉગીને ઉભાં રહ્યાં અને તે ઝાડોને રૂહાની બદબખ્તીના ફળો પણ લાગી ઉભાં.

પારસીઓના હીંદ ખાતેના વસવાટ દરમીઆન રજપુતોના અને મોગલોના રાજઅમલોમાં મોટામાં મોટી વસ્તી કેટલી હતી, તેની કોઈ તવારીખ મલતી નથી. બ્રીટીશ રાજઅમલ દરમીઆન પારસીઓની જુદી જુદી વસ્તીગણત્રી થતી હતી. આવી ગણત્રી ઉપરથી માત્ર એટલું જ માલમ પડે છે કે બ્રીટીશ રાજઅમલ દરમીઆન પારસીઓની વસ્તી આસરે એક લાખની હતી. બ્રીટીશ રાજઅમલની અગાઉ પારસીઓ મોટી સંખ્યામાં ગુજરાતના શહેરોના વેપારવણજના વીસતારોમાં અને ગામડાઓની ખેતીવાડીના વીસતારોમાં વસતા હતા. બ્રીટીશ રાજયની જાહોજલાલી વધતી જવે પારસીઓનો મોટો ભાગ મુંબઈ શહેરમાં વસવા લાગ્યો. આજે પારસીઓની આસરે એક લાખની વસ્તીમાંનો આસરે સીત્તેર ટકા જેટલો ભાગ મુંબઈ શહેર અને તેના પરાંઓમાં વસવા લાગ્યો છે.

ઈસ્વીસનની વીસમી સદી શરૂ થયા પછી, અમુક સવાલો પારસી કોમમાં ફરી ફરીને ચર્ચતા જ રહ્યા છે અને તેમાં પારસી કોમની ઘટી રહેલી સંખ્યાનો પ્રશ્ન એક છે. પારસી કોમની વસ્તીને વધારવાનો પ્રશ્ન ઘણો જ વિકટ છે, અને બુધ્ધીવાદથી આ પ્રશ્ન સમજી શકાય તેવો છેજ નહિ. એક બાજુ ઉપર કોમનો મોટો ભાગ જરથોસ્તી દીનનું ફરમાન માન્ય રાખે છે કે અપો જરથુસ્ત્ર સાહેબે વટાળપ્રથા ફરમાવેલી જ નથી અને બીજી બાજુ કોઈકો પારસી કોમની વસ્તીની વૃધ્ધીની કોઈક વાતો કરતાં રહ્યાં છે. જયારે જુદ્દીન લગનોની મોહીનીને ખાતર, અશો જરથુસ્ત્રે વટાળપ્રથા ફરમાવેલી છે એવી ભૂલભરી દલીલો થતી રહી હતી, ત્યારે પણ પારસીઓની નાની વસ્તીનું બહાનું આગળ ધરીને વટાળ પ્રથાની હેમાયત થતી હતી. જયારે પારસી કોમના કોઈક ભલા અને ખાનદાની નરો કે જેઓની ગંભીર ધાર્મીક ગેરદોરવણી કોઈક વીદવાન ફાઈલોલોજીસ્ટ દસતુર સાહેબો અને કોઈક સ્કોલરોએ કીધી હતી, તેઓ હઝારો રૂપીઆનું પાણી કરવા છતાં ન્યાયની અદાલતમાંથી વટાળપ્રથાની તરફેણનું હુકમનામું નહી મેલવી શકયા, ત્યારે "જુદ્દીન 'નવજોતો"ની જેહાદ કોઈક બીજા ખાનદાની આગેવાનોએ ધરી લીધી કે જેઓએ "બુન્યાદ"ની અને "બુનક—પાસબાની"ની વાતોને કોઠું આપવા ના પાડી. આવા સાહેબો પણ જુદદીન નવજોતની તરફદારીમાં પારસી કોમની બહુ નાની વસતીની દલીલ પેશ કરતા રહ્યા હતા, કોઈક માનવંત સાહેબો પારસી કોમની ઘટતી જતી વસ્તી તરફ આંગળી ચીંધી વસ્તીનું પ્રમાણ કેમ વધારી શકાય તેના ઉપાયો શોધવા કોઈક રચનાત્મક પગલાંઓ ભરવાની મિથ્યા સુચનાઓ કરે છે.

બેહરામશાહજીની હયાતીમાં જયારે જુદદીન પ્રશ્નની રીકજીક ચાલતી હતી, ત્યારે પારસી કોમની બહુ નાની વસ્તીનો પ્રશ્ન પણ ઈલ્મે ક્ષ્નુમના દષ્ટિબીન્દુથી ઉસતાદ સાહેબ બેહરામશાહજીએ ચર્ચયો હતો. સર્વેથી પ્રથમ વસ્તુ જે બેહરામશાહજીએ કહી હતી તે આ છે કે હિન્દની પારસી જરથોસ્તી કોમ કે જેને મુવેદે મુવેદાન નઈર્યોસંગ ધવલ સાહેબે ઈરાનશાહ જેવા અવ્વલ મરતબાના આતશે વરાહરાનના કેન્દ્ર ઉપર ખાસ સ્વતંત્ર પાવમહેલ બાંધીને તેની અમુક ખાસ તલેસમોની પોસ્તપનાહીમાં ઠરીઠામ કીધેલી છે, તે કદીબી સમૂળગી નાશ પામશેજ નહી. તે છતાં હાલના હડોહડ જડવાદના નાની કયામતના ભૂડાં જમાનામાં, દીનચાશીદારીની ગેરહાજરીમાં અને "યસ્નદરૂજી"ના નતીજામાં કોમમાં રૂહાની પડતી આવશે. આ જમાનામાં કોમની **દીનચાશીદારી અને બુનકપાસબાની** ઓતરી પડવે **ખરે ખરા દીનચાશીદાર હમદીનોની સંખ્યા,** શાહ બેહરામ વરઝાવન્દ નવા રાએનીદારે ઝમાન તરીકે આવી પહોંચવા આગમજ ખૂબ જ નાની બનીને ઉભી રહેશે અને **માત્ર અગીયાર હઝારની ઉપર આવી પોંહોચશે.** તે છતાં **પારસીઓની એક કોમ તરીકેની સંખ્યા ૮૧ હજારની આસપાસની જ રહેશે.** ઉસ્તાદ સાહેબ બેહરામશાહજીની કોઈબી આગાહી કદી ખોટી પડી નથી અને કદી પડશે પણ નહી.

સાસાની જરથોસ્તી, ઈરાની શહેનશહાત ભોંગી પડવા પછી પણ આ ધરતીના તખ્તા ઉપર કરોડો ઈરાની જરથોસ્તીઓ હતા. આ ઈરાની જરથોસ્તીઓની કરોડોની મોટી વસ્તીમાંથી જાહેર દુન્યામાં "બાતેન ઈરાન" ઉભું થવા છતાં, ખુદ ઈરાનની ભુમી ઉપર બીજા લાખો ઈરાની જરથોસ્તીઓ હતા કે જેઓ દીનચાશીદાર હોવા ઉપરાંત ખુબ જવાંમર્દ હતા અને શોખની સેપાહગીરી કરતા હતા. જાહેર ઈરાનમાંથી સંજોગો આધીન આવા લાખો જરથોસ્તીઓ પણ ધીમે ધીમે ખતમ થયા છે અને દીનદારી તેમ જ દીનચાશીદારી વીનાના આસરે પચ્ચીસ હઝાર ઈરાની જરથોસ્તીઓ, હાલમાં જાહેર ઈરાનમાં નજરે પડે છે.

એક વાત ઉપર વારંવાર ધ્યાન ખેંચવામાં આવે છે કે સંજાન ખાતે પધારેલા પારસી જરથોસ્તીઓના જોડાઓની સંખ્યા ગમે તેટલી નાની અને મર્યાદીત હોય, છતાં વસ્તીની વૃધ્ધિના અમુક સ્વીકારાયલા નીયમો અનુસાર આજે લાખો પારસી જરથોસ્તીઓ હિન્દમાં પેદા પડેલા હોવા જોઈએ, પણ હીન્દના પારસી જરથોસ્તીઓનો આંકડો આસરે એક લાખની આસપાસ જ નજરે પડી રહ્યો છે. હિન્દના પારસી જરથોસ્તીઓની વસ્તી આમ અમુક મર્યાદામાં રહેવામાં પણ જરથોસ્તી દીનના પાવમહેલની તલેસમોની કોઈક કારસાઝી છે. જાહેર દુન્યામાં વસીને પારસી પ્રજા જરથોસ્તી ધર્મ પાળી જ શકેજ નહિ અને એક સ્વતંત્ર પારસી જરથોસ્તી કોમ તરીકે વસી શકેંજ નહી એવી જમાનાની ભૂડી ગતી આસરે અગીયાર સો સાલોની પેદા પડવા માંડી હતી.

બહુ જ અફસોસની હકીકત છે કે હિદની પારસી કોમની સામાજીક, આર્થકિ અને ધામર્કિ આબાદી માટે જે રાહબરી કોમની કરવી ઘટે છે. તે કોઈ કરતું જ નથી. સામાજીક આબાદીનો પાયો "બુનક પાસબાની" અને 'દીનચાશીદારી' છે. બુનક પાસબાની મારફતે ખરી ખાનદાની'નો જલવો પેદા પડી શકે છે. હાલમાં જે કોઈ કુટુંબમાં પૈસા ટકાની આબાદી કર્માનુસારે આવી પુગે છે તે કુટુંબને ભૂલભરેલી રીતે "ખાનદાની" ગણી લેવામાં આવે છે. પણ શુભ નસીબે જયા આર્થીક આબાદી પેદા પડે છે ત્યાં કમનસીબે "સુધારા"ને ખોટે નામે જુદદીન લગનની બદી પ્રવેશ કરે છે અને આવા કોઈક કુટુંબોની ખાનદાની ખરી રીતે ઉતરી પડે છે.

ખાનદાની કેમ પેદા પડે છે? જયારે દીનચાશીદાર અને તરીકતબાઝ પારસી મા—બાપો, નીતીમાન જીવન ગુજારી નેક ફરઝન્દોને પેદા કરે છે ત્યારે તેઓના ફરઝન્દોમાં ખાનદાનીનો શુભ પાયો રચાય છે. પછી પહેડી દર પહેડી જયારે આવી ખાનદાનીમાં અમુક વૃધ્ધિજ પેદા પડતી રહે છે, ત્યારે અમુક ખાનદાનીની "કુનીઅત" (ખાનદાનની રૂહાની મોટાઈની હાલત) પેદા પડે છે. પારસી કોમનો મોટો ભાગ દીનચાશીદાર નથી, કારણ પાક જરથોસ્તી દીનના અપોઈ ઉભી કરનારા તરીકતમાર્ગ ઉપર કોમનો મોટો ભાગ જીવન ગુજારતો જ નથી. તરીકતબાઝ જીવનની જુફ્ત રાસ્તીનો અમલ છે. હાલના જમાનામાં બને તેમ અને બને તેટલી અપોઈ ઉભી કરનારી તરીકતો પાલી "રાસ્તી" નહીં તો "મેહેરપતેત"નો અમલ કરવામાં આવે, તો હમદીનોના કુસ્તીપાદીઆવ સાબેત રહેવે, તેઓ ખરેખરા દીનચાશીદાર બને અને જરથોસ્તી દીનના ફરમાનોનું પાલન કરવે તેઓ બધી જ દીશાઓમાં અજબ જેવી આબાદી અનુભવે. પારસી કોમની "વસ્તી"નો, "જુદીન લગનો"નો, "જુદદીન નવજોતો"નો, "કુંવારા પણા"નો, "તન્ગદસ્તી"નો પ્રશ્ન, તવંગરી યા તંગદસ્તી તો માઝીના (ભૂતકાળના) શુભાશુભ કેસાસ મુજબ સર્વે ભોગવે છે. પણ રાસ્તીના અમલ સાથના તરીકતબાઝ જીવનથી, શુળીનું વિઘ્ન કાંટે ટળી જાય છે અને તંગદસ્તીમાં કોઈક ખુશબખ્તી અઝ—ગએબ આવીને ઉભી રહે છે. ખાંડ ચાખવેજ તેનો મીઠાસ કલ્પી શકાય છે તેમ સત્યવાદી નીતિમાન અને દરૂજી પરહેજી સાથનું તરીકતબાઝ જીવન જીવવેજ પારસીઓને તેની બુઝોર્ગી અને કાર્યસાધકતાનો ખ્યાલ આવી શકે છે.

પારસી કોમની સંખ્યા તો હાલના હડોહડ ક્યામતના અશુભ જમાનામાં પણ જરથોસ્તી દીનની તલેસમોની બરકતથી અમુક હદની ઉપર ટકી જ શકશે, પણ પારસીઓએ અને પારસી કોમના ખેરખાહ રાહબરોએ, જે પુરૂષાર્થ કરવાનો છે તે ખરૂં દીનચાશીદાર જરથોસ્તી જીવન પોતે રોજબરોજ જીવી તેવું જ દીનચાશીદાર જીવન જીવવાનો કોમને સબક આપવાનો છે. આર્થીક મુશ્કેલીઓને લીધે, આજીવીકા મેલવવાને કારણે ઉભી થતી અગવડોને લીધે, જે દીનદાર હમદીનો તરીકત માર્ગના નમુનેદાર માર્ગ ઉપર ઉશતવારીથી નહીં ચાલી શકતા હોય તેઓ સંજોગો આધીન પોતાથી બનતું કરી શકે છે, પણ જેઓના આર્થીક અને બીજા સંજોગો અનુકુલ છે તેઓને સીર તો દીનચાશીદાર જીવન ગુજારવાની મોટી જોખમદારી ઉભેલી છે.


With Best Compliments from :

Estd. : 1901 Phone : 327464

**B. JAMSHEDJI JIVANJI**

OPP. Mumbadevi, Zaveri Bazar,
BOMBAY 400 002.



GOLDSMITHS & MFRS. JEWELLERS

Appointed valuers of Jewellery
to the Government of India

પાક માઝદીયશ્નની જરથોસ્તી દીનને લગતા કોઈ એક લાખ પારસીઓ જ હિન્દની ભૂમિ ઉપર હયાત નથી. ધરતીના તખ્તા ઉપર કરોડો અઈરીચીથ્રના બસ્તેકુસ્તીઆન માઝદીયશ્નની જરથોસ્તીઓ છે. ઈરાન જમીન ઉપરના તલેસમાતી પહાડોના "વરો"માં લાખો જરથોસ્તી આબેદો છે. પણ તે ઉપરાંત જાહેર દુન્યામાં છુપી રીતે જરથોસ્તી દીન પાલનારા કરોડો જવાંમર્દ શેહજોર અઈરીચીથ્રના ઈરાની બચ્ચાઓ છે કે જેઓ પોતાના "દીન એતેકાદ"ની "બુનક પાસબાની"ની જાહેરાત કર્યા વિના પોતાના કોઈક બાતેન ધાર્મિક રાહબરોની દોરવણી હેઠળ, ભલા જમાનાની આમદની આરઝુ કરતા સેંકડો વર્ષોથી ઉભેલો છે. હાલના માનવંત ઈરાનોલોજીસ્ટોને કદીમ ઈરાની જરથોસ્તી પ્રજા કેવી હતી અને તે તબાહ થવા પછી પાછી કેમ ઉભી થનાર છે તેનો ઝાંખો ખ્યાલ વટીક આવી શકતો નથી. ક્યાંથી આવે અને કેમ આવી થકે? જરથોસ્તી ઈલ્મે ક્ષ્નુમની રોશની વીના અને અષવનને દરજજે પુગેલા માઝદીયસ્ની જરથોસ્તી નરોની રાહબરી વીના, 'નવી પારસી જરથોસ્તી પ્રજા'ની અને "ઈરાને નવ"ની હવે પછીની સાજશનીનો ખ્યાલ નેદા પેડી શકે તેમ નથી. હિન્દીમાં મૂઠીભર પારસી જરથોસ્તીઓ અગિયાર સદીઓ વીતવા છતાં, હજી પોતાની "બુન્યાદ" અને એતેકાદ" અમુક મરતબામાં જાળવીને ઉભા છે, તે એક મોજેજો છે. જરથોસ્તી ઈલ્મેક્ષ્નુમની મકતબ "દીનદારી"માંથી "દીન ચાશીદારી"' ઉભી કરાવવા માંગે છે. પારસી કોમના રાહબરોને જરથોસ્તી ઈલ્મેક્ષ્નુમની મકતબના ઉસ્તાદ સાહેબ બેહરામશાહ નવરોજી શરાફ જે દીની પ્રકાશ અને જે દીની માર્ગદર્શન, દેમાવંદકોહના અશો જરથોસ્તી આબેદોના રાહબર અઓષાવરેઝ મર્જબાનજી સાહેબ પાસે લાવીને હીન્દની પારસી કોમને આપેલું છે, તેની તેઓને કદર આવી શકતી નથી. પારસી કોમની વસ્તીને માટે ચીંતા કરવાની જરૂર નથી. તે વસ્તી તો નીરમાણ રીતે જળવાઈ જ રહેશે, પણ હિન્દની તેવી નીરમાણ પારસી જરથોસ્તી અનજુમનની "દીન ચાશીદારી" અને "બુનક પાસબાની" માટે ખાસ ચીંતા કરવાની છે. પારસી કોમના મોટા ભાગમાં ખાનદાની "દીની એતેકાદ" છે પણ તેઓમાં "દીન ચાશીદારી" પુરતા પ્રમાણમાં ઉગતી નથી. જરથોસ્તી ઈલ્મેક્ષ્નુમની મકતબ ઈ. સ. ૧૯૦૫ના સાલથી પારસી જરથોસ્તીઓનું માર્ગદર્શન કરતી આવી છે અને તે અશો જરથોસ્તી આબેદોની ગેબી કારસાઝીથી તે મકતબની રાહેરાસ્ત દીની રાહનુમાઈ એકસરખી રીતે ચાલુ જ રહેલી છે. જેઓ પારસી કોમમાં "ઓરથોડોક્ષી" જાળવવા માગતા હોય, તેઓએ ઈલ્મેક્ષ્નુમની મકતબની, પારસીઓની ખાનદાની "દીનદારી"ને ખીલવીને તેઓમાં "દીનચાશીદારી" ઉભી કરાવવા માટેની મુબારક અને સવાબી ચળવળને, ખાલેસ દીલે સહકાર આપવા બાહેર પડવું જોઈએ.

મને લખવા ગમતું નથી. પણ રાસ્ત રાહબરીને ખાતર ફરજીઆત લખવું પડે છે., કે ઈસ્રવીસન ૧૯૪૦ના સાલ પછી પારસી કોમની અંદર પેદા પડેલી પારસી કોમની ધાર્મીક તેમ જ સામાજીક ખાનાખરાબીની નાશાદ ચળવળનો સામનો જરથોસ્તી ઈલ્મે ક્ષ્નુમની મકતબે નહીં કર્યો હતે તો આજે શું થઈને ઉભું રહેતે? હવે પછી પણ આ મકતબ જ પોતાનો અદના ફાળો કોઈક રીતે આપતી રહેશે. પારસી પ્રજાની પડતી ચાલુ રહેવા માટે હવે કંઈ ઘણો વખત બાકી નથી. પણ જેને સંગીન જ્ઞાનમય ધાર્મીક દોરવણી કહી શકાય તેવી સંગીન ધાર્મીક જ્ઞાનમય દોરવણી પારસીઓની હાલમાં મોટે ભાગે થતી જ નથી. વહિશ્તોઈશ્ત ગાથામાં જેને "એરેજુશપથો" કહેલો છે, તેવા અપોઈનું કુવ્વત ઉભું કરાવનારા તરીકત માર્ગની જ્ઞાનમય હેયામત કરવાની ખાસ જરૂર છે. કુદરતના "અષ" એટલે મીનોઈ વ્યવસ્થાના નીયમે પાંચ મુળ "જીરમો"ની એટલે રૂવાનોનાં પાંચની સંખ્યામાં મુળ વર્ગીકરણની અને તેને લગતા મુળ પાંચ ધર્મોની જે યોજના "અહુનવઈરય"માં સૃષ્ટિ પેદા કરતી વખતે, દાદાર અહુરમઝદે ઉધી કીધેલી છે, તે ખ્યાલ હાલની શીખેલી ભણેલી પારસી કોમને હીમ્મતથી સચોટ રીતે આપવાની જરૂર છે. અપોઈનું કુવ્વત ઉભું કરાવનારો તરીકતમાર્ગ જરથોસ્તી દીનનું પાયારૂપી ફરમાન છે, આ દીની ફરમાનની પાછળ, હાલની સાયન્સને ચકીત કરે, તેવી માનવના શારીરિક બંધારણની હકીકતો પડેલી છે. જીરમો અને ધર્મોની "અષ"ની યોજના પેદા પડવાનું કારણ જ માનવના રૂવાનોની "રય" એટલે પ્રકાશનો ફરકે છે અને આ સત્યજ્ઞાન આખરે જગતમાં તરી આવશે. પારસીઓ તરીકતબાઝ બનશે અને સત્ય વકતા બનશે, તો તેઓના જડ શરીરની અંદર પડેલા નીતીના બીજ (Seeds) ખીલીને તેજ જડ શરીરમાં પડેલા અનીતી ઉભી કરાવનારા બીજ, ઠેઠવી નાંખી શકશે ને આમ આપોઆપ યંત્રવત રૂઢીએ નીતીનું બળ પેદાપડીને ઉભૂં રહેશે. આમ થશે તો પછી સુદરેહનું બખતર અને કૂશ્તીનો કમરબંધ પહેડીને, કુસ્તી પાદીઆવના અમલથી પારસીઓ અહુરમઝદના લશકરના સીપાહ બચ્ચાઓ બની, સ્પેનામીનના મદદગાર થઈ, ધ્રનામીનો અને અહેરીમનનો સામનો ચાલુ કરતા રહેશે. એવા પારસી રજથોસ્તીઓની જાહેર દુન્યાની મર્યાદીત વસતી અર્વાચીન દુન્યાની કરોડો અને અબજોની વસતીમાં પોતાનો ઝળકાટ ઉભો કરી શકશે.

હાલનો જમાનો તો ભુલથાપ ખવડાવનારો છે પણ "તરોઈ દીતે અંગ્રહે મઈન્યુશ" એટલે અંગ્રેમીનોનાં કાર્યને આરપાર જોઈ લઈને, દીનને ખરે રાહે ચાલી, સ્પેનામીનોના મદદગાર પારસીઓએ થવાનું છે.

"વસ્તી"ના પ્રશ્નના કરતા "દીનચાશીદારી" માટેનું જ્ઞાનમય પ્રચાર કાર્ય વધુ અગત્યનું છે.

★
★★